» નાગપુરની શાળામાં રક્ષાબંધનની ઉજવણી પહેલા વિદ્યાર્થીઓએ વાંસ, કાગળ અને પાંદડાંનો ઉપયોગ કરીને બનાવેલી 65 ફૂટ બાય 75 ફૂટની વિશાળ 'મહા રાખી' સાથે શાળાના બાળકો

જાપાનમાં મેઘતાંડવ: ઈશિકાવા અને ટોયામામાં પૂર-ભૂસ્ખલન

3,80,000થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ આશ્રય લેવાની સલાહ

ટોક્યો, તા. 27 (AP) ગુરુવારે જાપાનના ઉત્તર-મધ્ય પ્રાંતો ઈશિકાવા અને ટોયામામાં મુશળધાર વરસાદ પડ્યો હતો, જેના કારણે પૂર આવ્યું હતું અને ભૂસ્ખલન થયું હતું, રસ્તાઓ બંધ થઈ ગયા હતા અને પૂરગ્રસ્ત ઘરો તેમ જ વાહનોમાં લોકો ફસાઈ ગયા હતા.

જાપાન હવામાન ખાતા (જેએમએ)એ ઈશિકાવા અને ટોયામા પ્રાંતના કેટલાક ભાગો માટે લેવલ 5 ભારે વરસાદની ચેતવણી જારી કરી હતી અને અસરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓને સંભવિત પૂર અને ભૂસ્ખલન સામે સાવચેતીનાં પગલાં લેવા વિનંતી કરી હતી.

ગુરુવારે મોડેથી વરસાદ ધીમો પડ્યો હતો અને એજન્સીએ ભારે વરસાદની ચેતવણીને ઘટાડીને મધ્યમ કરી દીધી હતી, પરંતુ રહેવાસીઓને ચેતવણી આપી હતી કે શુક્રવાર સવાર સુધી વધુ વરસાદ અને ભૂસ્ખલન થઈ શકે છે. એજન્સીએ શુક્રવાર સવાર સુધી કાગા અને નોટો વિસ્તારોમાં 7.8 ઈંચ સુધીના વરસાદની આગાહી કરી હતી. બંને પ્રાંતોએ 3,80,000થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ આશ્રય લેવાની સલાહ આપી હતી.

એનએચકે પબ્લિક ટેલિવિઝન પરનાં દૃશ્યોમાં ટોયામા પ્રાંતના હિમી શહેરમાં ફસાયેલા કેટલાક રહેવાસીઓને ઘૂંટણસમા પાણીમાંથી ચાલીને આવેલા રાહત કાર્યકરો દ્વારા રબર બોટમાં બચાવવામાં આવતાં દર્શાવવામાં આવ્યા હતા. પૂરગ્રસ્ત રસ્તાઓ પર બંધ પડી ગયેલા અનેક વાહનોને છોડી દેવામાં આવ્યા હતા.

ટોયામાની પશ્ચિમે આવેલા પાડોશી ઈશિકાવા પ્રાંતમાં પૂરના કારણે ત્રણ નગરપાલિકાઓના 270 ઘરો સંપર્કવિહોણા થઈ ગયા હતા. જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે, ફસાયેલા રહેવાસીઓમાં કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી. ભારે વરસાદને કારણે ઈશિકાવામાં ભૂસ્ખલન પણ થયું હતું અને રસ્તાઓ બંધ થઈ ગયા હતા.

નેપાળની ઘટના માટે થરૂરે 'ડ્રામા' શબ્દ વાપરતા ભારે ટીકા

નેપાળની ઘટનાનો ઉલ્લેખ કરતા આ વરિષ્ઠ કોંગ્રેસી સાંસદે X પર પીડિતો અંગે સહાનુભૂતિ પણ વ્યક્ત કરી, પરંતુ નાટક શબ્દ નડી ગયો

ઘણા યુઝરોએ લખ્યું કે શું આટલી ભયંકર ઘટના તમને નાટક લાગે છે?, શબ્દોના જાદુગર દ્વારા નબળા શબ્દની પસંદગીના આક્ષેપો

નવી દિલ્હી, તા. ૨૭(PTI): અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ માટે જાણીતા કોંગ્રેસના સાંસદ શશી થરૂર ગુરુવારે એક અસામાન્ય સ્થિતિમાં મુકાયા હતા. નેપાળમાં આવેલા આકસ્મિક પૂરને તેમણે પહાડોમાં સર્જાયેલ ડ્રામા(નાટક) તરીકે વર્ણવવા બદલ અને શબ્દોની અયોગ્ય પસંદગી કરવા બદલ તેમની આકરી ટીકા થઈ હતી.

આ ટિપ્પણીને કારણે સોશિયલ મીડિયા પર ઘણો આક્રોશ જોવા મળ્યો હતો. એક યુઝરે આટલું સમૃદ્ધ શબ્દભંડોળ ધરાવતી વ્યક્તિ દ્વારા આવા નબળા શબ્દોની પસંદગી પર સવાલ ઉઠાવ્યો હતો, તો કેટલાકે તેમને અસંવેદનશીલ ગણાવ્યા હતા. હાલ નેપાળમાં છે તેવા થરૂરે X(અગાઉના ટ્વિટર) પર એક પોસ્ટમાં આ આપત્તિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કેઃ ગઈકાલે હું કાઠમંડુ જવા માટે રવાના થયો ત્યારે પહાડોમાં જે ડ્રામા (નાટકીય ઘટનાક્રમ) બન્યો હતો અને જેના કારણે આટલું વિનાશક નુકસાન થયું હતું, તેનાથી સંપૂર્ણપણે અજાણ હતો. કોંગ્રેસ નેતાએ વધુમાં ઉમેર્યું, "મારી સંવેદના પીડિતો અને તેમના સ્વજનો સાથે છે, જેમાં કૈલાશ-માનસરોવર યાત્રા કરી રહેલા સો જેટલા ભારતીય પ્રવાસીઓ સહિત મોટી સંખ્યામાં ભારતીયો સામેલ છે. ગુમ થયેલા લોકો માટે પ્રાર્થના; તેઓ જલ્દીથી સલામત મળી આવે." તેમના આ મુખ્ય સંદેશ છતાં, ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે તેમના "પહાડોમાં સર્જાયેલ ડ્રામાથી અજાણ" શબ્દપ્રયોગને પકડી પાડ્યો હતો. એક યુઝરે લખ્યું: "શું કુદરતનો કોપ એ 'ડ્રામા' હતો? શબ્દોની પસંદગીમાં તમે આટલા અસંવેદનશીલ કેમ હોઈ શકો? જો તમને ખબર ન હોય કે ક્યારે શું બોલવું, તો ડિક્શનરીના જ્ઞાનનો શો અર્થ? તમારી 'સહાનુભૂતિ' જ અહીં ડ્રામા જેવી લાગે છે!" બીજા એક યુઝરે કહ્યું: "સર, તમે ભારતીય અંગ્રેજીના શેક્સપિયર છો. શું પ્રથમ પેરેગ્રાફના બીજા વાક્યમાં ડ્રામા શબ્દનો ઉપયોગ યોગ્ય છે?" અન્ય એક X યુઝરે કહ્યું કે "ડ્રામાથી અજાણ" શબ્દપ્રયોગ એ "આટલું સમૃદ્ધ શબ્દભંડોળ ધરાવતી વ્યક્તિ માટે નબળા શબ્દોની પસંદગી" છે. અન્ય એક પોસ્ટે લખ્યું: "ડ્રામા?? તમે શબ્દોના જાદુગર છો અને તમે આ જ શબ્દ શોધી શક્યા? ખરેખર..."

કાનપુરમાં ટ્રેનિંગ એરક્રાફ્ટ ક્રેશમાં પાઈલટ, ઈન્સ્ટ્રક્ટરનાં મોત

તપાસ એજન્સી, એએઆઈબી આ અકસ્માતની તપાસ કરશે

કાનપુર, તા. 27 (PTI) કાનપુરમાં ગંગાના કિનારે એક ટ્રેનિંગ એરક્રાફ્ટ દુર્ઘટનાગ્રસ્ત થતાં ગુરુવારે એક ટ્રેઈની પાઈલટ અને એક ઈન્સ્ટ્રક્ટરનું મોત નીપજ્યું હતું. એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ગર્ગ એવિએશન દ્વારા સંચાલિત ટેકનામ એરક્રાફ્ટે સવારે 11:30 વાગ્યાની આસપાસ ઉડાન ભરી હતી અને લગભગ 20 મિનિટ પછી કતરી વિસ્તારના નાથાપુરવા ગામ નજીક તે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. દુર્ઘટનાગ્રસ્ત થવાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નથી. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે તપાસ એજન્સી, એએઆઈબી આ અકસ્માતની તપાસ કરશે અને ડાયરેક્ટરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)ના ત્રણ અધિકારીઓની એક ટીમ જરૂરી નિયમનકારી દેખરેખ અને સમન્વય માટે દુર્ઘટના સ્થળની મુલાકાત લેશે.

પ્રાથમિક માહિતીના આધારે મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રજિસ્ટ્રેશન નં. વીટી-એનબીવી ધરાવતું ટેકનામ પી2006ટી ટ્વિન-એન્જિન વિમાન, ગંગા બેરેજ નજીક કાનપુર સિવિલ એરપોર્ટથી લગભગ 5 નોટિકલ માઈલ દૂર અકસ્માતનો ભોગ બન્યું હતું.

મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "વિમાન કાનપુર સિવિલ એરપોર્ટના લોકલ ફ્લાઈંગ એરિયામાં તાલીમ ઉડાન પર હતું. તેમાં બે વ્યક્તિ, એક તાલીમાર્થી પાઈલટ અને એક ઈન્સ્ટ્રક્ટર સવાર હતા. આ અકસ્માતમાં બંનેને ઘાતક ઈજાઓ થઈ હતી." મંત્રાલયે જણાવ્યું હતું કે, "એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો (એએઆઈબી)ને જાણ કરવામાં આવી છે અને તે લાગુ નિયમો અનુસાર અકસ્માતની વિગતવાર તપાસ કરશે. તપાસ દ્વારા અકસ્માતના સંજોગો અને કારણ નક્કી કરવામાં આવશે." પોલીસ કમિશનર રઘુબીર લાલે જણાવ્યું હતું કે, આ દુર્ઘટનામાં ગુજરાતના ઈન્સ્ટ્રક્ટર સચિન ભાટિયા અને કર્ણાટકના તાલીમાર્થી પાઈલટ અભિષેક પૂજારીનું મોત નીપજ્યું હતું. ભાટિયા પાસે લગભગ 3,000 કલાકની ઉડાનનો અનુભવ હતો. અકસ્માત બાદ પોલીસ અને ફાયર બ્રિગેડના કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા, વિસ્તારને ઘેરી લીધો હતો અને અકસ્માતની તપાસ માટે પુરાવા તરીકે કાટમાળને સુરક્ષિત કર્યો હતો.

પેજ 3

જાણીતા બંગાળી એક્ટર ખરાજ મુખર્જી, તેમનાં પત્ની પૂરગ્રસ્ત નેપાળમાં ફસાયાં

કોલકાતા, તા. 27 (PTI) 'કહાની' અને 'સ્પેશિયલ 26' જેવી ફિલ્મો માટે જાણીતા બંગાળી અભિનેતા ખરાજ મુખર્જી અને તેમનાં પત્ની પ્રતિભા વિનાશક પૂર બાદ નેપાળમાં ફસાઈ ગયાં છે. એમ તેમના પરિવારે ગુરુવારે જણાવ્યું હતું. આ દંપતી 20 ઓગસ્ટે એક બાંગ્લાદેશી ફિલ્મના શૂટિંગ માટે પ્રોડક્શન ટીમ, પરિવાર અને મિત્રો સાથે હિમાલયન દેશના પ્રવાસે ગયું હતું. પરિવારના એક સભ્યએ જણાવ્યું હતું કે, "મુશ્કેલ પરિસ્થિતિઓ છતાં મુખર્જીએ ફોન પર અમને ખાતરી આપી છે કે તેઓ સુરક્ષિત છે." પરિવારે જણાવ્યું હતું કે, મુખર્જી સાથે નેપાળમાં ફસાયેલા સહ-અભિનેતા રજતાભ દત્ત પણ સુરક્ષિત છે. ત્યાંની પરિસ્થિતિ ખરાબ હોવાથી આ જૂથ કાઠમંડુથી હવાઈ માર્ગે પાછા ફરી શક્યું ન હતું. હવે તેઓ કોલકાતાની ફ્લાઇટ પકડતા પહેલા ઉત્તર પ્રદેશના ગોરખપુર સુધી રોડ માર્ગે મુસાફરી કરવાની યોજના બનાવી રહ્યા છે.